# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
# સરદારકૃષિનગર – ૩૮૫ ૫૦૬

## સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ અંગેની
## માહિતી પુસ્તિકા

**'એ'–ગ્રુપ/'બી'–ગ્રુપ/'એ + બી'–ગ્રુપ**
(ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથેમેટીક્સ)

- બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ

**'બી'–ગ્રુપ**
(ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી)

- બી.એસસી. (બાયોટેકનોલોજી)
- બી.એસસી. (માઈક્રોબાયોલોજી)
- બી.એસસી. (બાયોકેમેસ્ટ્રી)

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦

**www.gsauca.in / www.sdau.gsauca.in / www.sdau.edu.in**

## 1. અગત્યની તારીખો (સમય સારણી) :

છેલ્લામાં છેલ્લી માહિતી માટે www.gsauca.in અને www.sdau.gsauca.in અને www.sdau.edu.in વેબસાઇટ પર જુઓ

| Sr. No. | Activities | Date | |
|---|---|---|---|
| | | From | To |
| ૧. | વેબસાઇટ પર માહિતી પુસ્તિકાની ઉપલબ્ધતા | ૨૯-૦૫-૨૦૧૯ | -- |
| ૨. | અરજી ફોર્મ માટે ઓનલાઇન નેટ બેંકીંગ / ઓફલાઇન ચલણ પ્રિન્ટ કરવું અને બેંક ચલણ દ્વારા અરજી ફી સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની કોઇ પણ શાખામાં ભરવી. | ૦૪-૦૬-૨૦૧૯ | ૨૦-૦૬-૨૦૧૯ |
| ૩. | હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઇન ફોર્મની ચકાસણી કરાવવા માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું. (સવારે ૯.૩૦ થી સાંજે ૧૭.૩૦ કલાક સુધી) | ૦૪-૦૬-૨૦૧૯ | ૨૪-૦૬-૨૦૧૯ |

***Note :*** ***Online form can be filled up next day after 4.00 p.m. after successful deposition of application fee Rs. 200/- through Bank challan in any branch of State Bank of India.***

ઉપર દર્શાવેલ તારીખોમાં ફેરફારને અવકાશ હોઇ છેલ્લામાં છેલ્લી માહિતી વેબસાઇટ www.gsauca.in અને www.sdau.gsauca.in અને www.sdau.edu.in ની મુલાકાત લેવી.Page 2 of 23

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| 1 | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર | ૦૪ |
| 2 | પ્રવેશક્ષમતા | ૦૫ |
| 3 | પ્રવેશ લાયકાત | ૦૬ |
| 4 | ઉંમર | ૦૮ |
| 5 | અનામત બેઠકો અને પાત્રતા | |
| 6 | બિનનિવાસી ભારતીય (NRGI) બેઠકો | ૧૧ થી ૧૨ |
| 7 | મેરીટ લિસ્ટ | |
| 8 | ફીનું ધોરણ | ૧૩ |
| 9 | ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ્દ થવો | ૧૪ |
| 10 | અભ્યાસક્રમની સામાન્ય માહિતી | |
| 11 | પ્રવેશ પ્રક્રિયા | |
| 12 | કોલેજ ખાતે હાજર થવું | ૧૬ |
| 13 | એન્ટી રેગીંગ | |
| 14 | વિદ્યાર્થીનીઓને હેરાનગતિ બાબત | |
| 15 | ડિસ્ક્લેઇમર | |
| 16 | પ્રવેશ ફોર્મનો નમૂનો | ૧૮ |

## ૧. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર

| સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી | | | |
|---|---|---|---|
| 1 | આસ્પી કોલેજ ઓફ હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન, એસ.કે.નગર | એસ.કે.નગર | 02748-278266 |
| 2 | કોલેજ ઓફ હોર્ટિકલ્ચર, જગુદણ | જગુદણ | 02748-278739 |
| 3 | કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હ્યુમનિટીઝ, એસ.કે.નગર | એસ.કે.નગર | 02748-278097 |
| 4 | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, થરાદ, જિ. બનાસકાંઠા | થરાદ | 02737-222180 |
| 5 | પોલિટેકનિક ઇન એગ્રિકલ્ચર, ડીસા. | ડીસા | 9909865177 |
| 6 | પોલિટેકનિક ઇન એગ્રિકલ્ચર, ખેડબ્રહ્મા. | ખેડબ્રહ્મા. | 9429240475 |
| 7 | રીજઓનલ રિસર્ચ સ્ટેશન, ભચાઉ | ભચાઉ | 02837-223329 |

## ૨. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર

| નવસારી કૃષિ યુનિવર્સિટી | | | |
|---|---|---|---|
| 1 | ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી | નવસારી | 02637-282766 |
| 2 | અસ્પી કોલેજ ઓફ હોર્ટી એન્ડ ફોરેસ્ટ્રી, નવસારી | નવસારી | 02637-282745 |
| 3 | વન બંધુ કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એ.એચ., નવસારી | નવસારી | 02637-282299<br>02637-282964 |
| 4 | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ | ભરૂચ | 02642-246152 |
| 5 | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઇ, જી. ડાંગ | વઘઇ | 02631-246688<br>02631-246622 |
| 6 | અસ્પી શકલીન બાયોટેકનોલોજી ઇન્સ્ટીટ્યુટ, સુરત | સુરત | 0261-2668046 |
| 7 | ફીશરીઝ કોલેજ, નવસારી | નવસારી | 08128203823 |

## ૩. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર

| આણંદ કૃષિ યુનિવર્સિટી | | | |
|---|---|---|---|
| 1 | કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એ.એચ., આણંદ | આણંદ | 02692-261486 |
| 2 | કોલેજ ઓફ ફુડ પ્રોસેસીગ ટેકનોલોજી એન્ડ બાયોએનર્જી, આણંદ | આણંદ | 02692-261302 |
| 3 | બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ | આણંદ | 02692-261076 |
| 4 | શેઠ મ.છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, આણંદ | આણંદ | 02692-261030 |
| 5 | કોલેજ ઓફ એગ્રીકલ્ચર ઇન્ફોર્મેશન ટેક., આણંદ | આણંદ | 02692-263123 |
| 6 | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વસો | વસો | 0268-2553108 |
| 7 | બાગાયત પોલીટેકનીક, મોડલ ફાર્મ, વડોદરા | વડોદરા | 0265-2343984 |
| 8 | કોલેજ ઓફ એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, ગોધરા | ગોધરા | 02672-265128 |

## ૪. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર

| જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી | | | |
|---|---|---|---|
| 1 | પરીક્ષા ખંડ, જૂનાગઢ | જૂનાગઢ | 0285-2673040<br>9879104625 |
| 2 | કૃષિ મહાવિદ્યાલય, બાબાપુર ચોકડી, થોરડી રોડ, મોટા ભંડારીયા (અમરેલી) | ભંડારીયા | 02792-222998 |
| 3 | કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, મોતીબાગ ગેટ નં.-૨, વંથલીરોડ, જૂનાગઢ | જૂનાગઢ | 0285-2671018 |
| 4 | કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એ.એચ., મોતીબાગ ગેટ નં.-૨, વંથલીરોડ, જૂનાગઢ | જૂનાગઢ | 0285-26770722 |
| 5 | મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, રાજેન્દ્ર ભુવન રોડ, વેરાવળ | વેરાવળ | 02876-221053<br>02876-242052 |
| 6 | કૃષિ મહાવિદ્યાલય, આદીત્યાણા રોડ, સેન્ટ જોસેફ સ્કુલ સામે, ખાપટ (પોરબંદર) | ખાપટ | 0286-2912562 |
| 7 | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, એરફોર્સ રોડ, દીગ્જામ મીલની સામે, જામનગર | જામનગર | 0288-2710165 |

## ૨. પ્રવેશ ક્ષમતા (કેટેગરી પ્રમાણે) :

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અંતર્ગત ચાલતા સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોની પ્રવેશ ક્ષમતા :

ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ - ગૃપ) / ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (બી - ગૃપ)

| કોલેજ/યુનિવર્સિટી | અભ્યાસક્રમ | કુલ બેઠકો | આઇ.સી.એ.આર. 15% | આઇ.સી.એ.આર. બાદની બેઠકો | અન્ય બોર્ડ ૬.૩૩% | આઇ.સી.એ.આર. / અન્ય બોર્ડ બાદની બેઠકો |
|---|---|---|---|---|---|---|
| અસ્પી ગૃહ વિજ્ઞાન-વ-પોષણ વિદ્યા મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર | * બી.એસ.સી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ (A-Group / B-Group) & (A/B-Group) | ૬૦ | ૦૯ | ૫૧ | ૦૩ | ૪૮ |
| બેઝિક સાયન્સ અને હ્યુમેનીટીઝ મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર | બી.એસ.સી. (બાયોટેક્નોલોજી) (B-Group) | ૪૦ | ૦૬ | ૩૪ | ૦૨ | ૩૨ |
| | બી.એસ.સી. (માઇક્રોબાયોલોજી) (B-Group) | ૪૦ | ૦૬ | ૩૪ | ૦૨ | ૩૨ |
| | બી.એસ.સી. (બાયોકેમેસ્ટ્રી) (B-Group) | ૪૦ | ૦૬ | ૩૪ | ૦૨ | ૩૨ |

* B ગ્રુપ અથવા A ગ્રુપ અથવા AB ગ્રુપ

** વધારાની સીટો

### 2.2 ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો અને કાશ્મીરી વિસ્થાપિતો માટેની બેઠકો

| ઉપરોક્ત પ્રવેશ ક્ષમતા ઉપરાંત નીચે મુજબની વધારાની બેઠકો રહેશે. | |
|---|---|
| (i) | ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે દરેક યુનિવર્સિટીની દરેક કોલેજમાં વધારાની એક બેઠક |
| (ii) | કાશ્મીરી વિસ્થાપીતો માટે દરેક યુનિવર્સિટીની દરેક કોલેજમાં વધારાની બે બેઠક |

*3.0 પ્રવેશ લાયકાત :*

| | | | |
|---|---|---|---|
| **3 (A)** | બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ અભ્યાસક્રમ માટે ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (ગ્રુપ-બી) અથવા ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (ગ્રુપ-એ) વિષયની થીયરીમાં ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | | |
| | (i) | કોઈપણ કેટેગરી માટે - 35% | |
| | જો કે, | | |
| | (ii) | વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ આપવામાં આવશે ત્યારબાદ જો બેઠકો ખાલી રહેશે તો વિજ્ઞાન પ્રવાહ સિવાયનાં આર્ટસ, કોમર્સ, ગૃહવિજ્ઞાન, કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહના વિદ્યાર્થીઓ કે જેમણે ધો.12 અંગ્રેજી વિષય સાથે ગુજરાત રાજ્યમાંથી પાસ કરેલ છે તેઓને પ્રવેશ આપવામાં આવશે. | |
| | (iii) | ગુજરાત રાજ્યમાંથી બે વર્ષનો હોમસાયન્સ ડીપ્લોમા અભ્યાસક્રમ અથવા ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીમાંથી બે વર્ષનો ગૃહવિજ્ઞાન પ્રમાણપત્ર અભ્યાસક્રમ પાસ કરેલ વિદ્યાર્થીઓ કે જેમણે ધોરણ-10 ગુજરાત બોર્ડ અથવા અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તેઓ પણ પ્રવેશપાત્ર છે. | |
| **3-B** | બીએસસી.(બાયોટેક્નોલોજી)/ બી.એસસી. (માઈક્રોબાયોલોજી) / બી.એસસી. (બાયોકેમેસ્ટ્રી) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે | | |
| | ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા (ધો.12) વિજ્ઞાન પ્રવાહના ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા યુનિવર્સિટી ધ્વારા માન્યતાપ્રાપ્ત અન્ય રાજ્યના બોર્ડ કે યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોવી જોઈએ | | |
| | **(B)** | બી.એસસી. (બાયોટેકનોલોજી) / બી.એસસી. (માઈક્રોબાયોલોજી) / બી.એસસી. (બાયોકેમેસ્ટ્રી) અભ્યાસક્રમો માટે ધો. 12ની પરીક્ષામાં ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (ગ્રુપ-બી) વિષયોની થીયરીમાં કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | |
| | (i) | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે | 35% |
| | (ii) | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે | 35% |
| | (iii) | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે | 40% |
| | (iv) | અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | 40% |
| **3.2** | **પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ :** | | |
| | (A) | ગુજરાત બોર્ડ અથવા | |
| | (B) | અન્ય બોર્ડમાંથી 10+2 પધ્ધતી અંતર્ગત ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન અથવા ગણિત અને અંગ્રેજી વિષય સાથે ધો.12 ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. જેઓને પ્રો-રેટાને આધારે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે ગુજરાત રાજ્યની સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી મધ્યસ્થ પ્રવેશ સમિતિ નક્કી કરે તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. જો કે | |
| | | **(i)** | **સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)** |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ અથવા |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા દીવદમણ અને દાદરા અને નગર , -હવેલીમાં આવેલી હોયપરંતુ તેના વાલી ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. |
| | | **(ii)** | **કાઉન્સિલ ઓફ ઇન્ડિયન સ્કૂલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી (CISE)** |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ અથવા |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા દીવદમણ અને દાદરા અને નગર , |

| | | | |
|---|---|---|---|
| | | | -હવેલીમાં આવેલી હોયપરંતુ તેના મા-બાપ ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. |
| | | **(iii)** | **નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કુલિંગ (NIOS)** |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ અથવા |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા દીવ-દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય, પરંતુ તેના વાલી ગુજરાત રાજ્યના મૂળ રહેવાસી હોય. |
| | | (iv) | ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએઅથવા , |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા દિવદમણ અને દાદરા અને નગર , હવેલીમાં આવેલી હોયપરંતુ તેના વાલી ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. |
| | (C) | ઉમેદવાર ગુજરાત રાજયના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને ધોરણ-12 પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય તેમજ પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઇએ. જો કે, આવા અરજદારે થીયરી અને પ્રેક્ટિકલના જૂદા જૂદા ગુણ દર્શાવતી માર્કશીટ રજૂ કરવાની રહેશે તેમજ તેણે ચાલુ વર્ષે GUJCET પરીક્ષા આપેલી હોવી જોઇએ. | |
| **3.3** | જે ઉમેદવારના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ વતની હોય અને ગુજરાત રાજ્યની બહાર કેન્દ્ર સરકાર કે અન્ય રાજ્યની સરકારી, સેના, કેન્દ્ર કે અન્ય રાજ્ય સરકારના બોર્ડ કે નિગમ અથવા રાષ્ટ્રીયકૃત બેંકમાં નોકરી કરતા હોય, તેણે ધોરણ-12ની પરીક્ષા તેના મા-બાપ નોકરી કરતા હોય તે રાજ્યમાંથી પાસ કરી હોય અને GUJCET કે તેની સમકક્ષ રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત માન્ય કરાયેલ પરીક્ષા ચાલુ વર્ષે આપેલી હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ મેરીટ-લિસ્ટમાં યોગ્ય જગ્યાએ કરવામાં આવશે. | | |
| **3.4** | **ઉમેદવારે ધોરણ-12ની પરીક્ષા પાસ કરેલ હોય અને** | | |
| | I | **ચાલુ વર્ષની GUJCET અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત માન્ય કરાયેલ પરીક્ષા આપેલ હોય, અને** | |
| | II | તેના વાલી નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય અને , | |
| | III | તેના વાલીની બદલી ગુજરાત રાજ્યમાં થઈ હોય અને રજિસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઈ ગયા હોય અને ત્યાં રજિસ્ટ્રેશન સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ (બીજા પ્રકારના મેરીટ લીસ્ટમાં કરવામાં આવશે.) | |

નોકરીની કેટેગરી :

- કેન્દ્ર સરકારના અધિકારી અથવા કર્મચારી,
- કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી અથવા કર્મચારી,
- રાષ્ટ્રીયકૃત બેન્કના અધિકારી અથવા કર્મચારી,
- ગુજરાત રાજ્યમાં આવેલ UNO/UNISEF/WHO જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી અથવા કર્મચારી,
- ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા/ ભારતીય જંગલ સેવાના/ ભારતીય પોલીસ સેવાના અધિકારી કર્મચારી કે જેઓ, ગુજરાત અથવા જે રાજ્યમાં કે ગુજરાત રાજ્ય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે.
- ગુજરાત રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજ્ય બહાર ફરજ બજાવે છે.

| | | |
|---|---|---|
| **3.5** | **જે ઉમેદવારે** | |
| | i | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ જ્વાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ 8 સુધી અભ્યાસ કરેલ હોય અને |
| | ii | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત અભ્યાસ કરેલ હોય અને |

| | | |
|---|---|---|
| | iii | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ - 12 ની પરીક્ષા પાસ કરેલ હોય અને |
| | iv | ચાલુ વર્ષે GUJCET પરીક્ષા આપેલ હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ પણ બીજા પ્રકારના મેરીટ લિસ્ટમાં કરવામાં આવશે. |
| | નોંધ : "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જવાહર નવોદય વિદ્યાલય યોજના કે જે રાષ્ટ્રીય શૈક્ષણિક પોલીસી હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા વર્ષ 1985-86 દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) ધ્વારા સંચાલિત છે. | |
| **3.6** | જે ઉમેદવારે ધોરણ-12ની પરીક્ષા કૃષિ / ગૃહ વિજ્ઞાન વ્યવસાયલક્ષી પ્રવાહ સાથે અથવા ઉત્તર બુનિયાદી પ્રવાહ (કૃષિ/ગૃહ વિજ્ઞાનના વિષયો સહિત) સાથે પાસ કરી હોય તોઓને માત્ર બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વધારાના 5% ગુણ મળવા પાત્ર છે. | |
| **3.7** | **ખેડૂત ઉમેદવાર/પુત્ર/પુત્રી/ભાઇ/બહેન/પૌત્ર/પૌત્રીને વધારાના 5% ગુણ મળવાપાત્ર છે. આ માટે ઉમેદવારે તેના પિતા બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક /કે ભાઇ (પિતૃ પક્ષ)દાદી / (પિતૃ પક્ષ)દાદા /માતા / જમીન ધરાવે છે તે અંગેનો૭-૧૨/૮-અ નો ચાલુ નાણાકીય વર્ષનો (તા. ૧-૪-૨૦૧૯ પછીનો) દાખલો તેમજ જમીન ધારક અને ઉમેદવાર વચ્ચેનો સંબંધ દર્શાવતો દાખલો રજુ કરવાનો રહેશે. જો કે આવો ઉમેદવાર જે-તે અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની જરૂરી ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઇએ. બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જ મળવા પાત્ર છે.** | |
| **3.8** | **રમત-ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીચે મુજબ વધારાના ટકા આપવામાં આવે છે :** | |

| ક્રમ | | સ્પર્ધા | (વધારાના ટકા) |
|---|---|---|---|
| i | | આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવો | 7 |
| ii | | રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવો | 1 |
| | (a) | પ્રથમ ક્રમાંક મેળવેલ | 5 |
| | (b) | દ્રિતીય ક્રમાંક મેળવેલ | 3 |
| | (c) | તૃતીય ક્રમાંક મેળવેલ | 2 |
| iii | | રાજ્ય સ્તરની સ્પર્ધામાં | |
| | (a) | પ્રથમ ક્રમાંક મેળવેલ | 1 |
| | (b) | દ્રિતીય ક્રમાંક મેળવેલ | 0.5 |

નોંધ : આ લાભ ઉમેદવારને તેના અભ્યાસકાળ દરમ્યાન ફક્ત એક વખત મળવાપાત્ર થશે.

| | |
|---|---|
| **4.0** | ઉંમર : |
| | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની 31મી ડિસેમ્બરે ઓછામાં ઓછા 17 વર્ષ પૂરા કરેલા હોવા જોઈએ. |

**5.0** અનામત બેઠકો :

**5.1** **યુનિવર્સિટી ધ્વારા પ્રવેશ માટે નીચે મુજબની બેઠકો અનામત રાખવામાં આવેલ છે :**

| | | |
|---|---|---|
| (1) | ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થા ઉમેદવારો માટે | 15% |
| (2) | ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે | 85% |

ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો નીચે દર્શાવેલ કેટેગરી મુજબ અનામત રહેશે :

| | | |
|---|---|---|
| અનુસૂચિત જાતિ | 7% | આ કેટેગરીની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે. |
| અનુસૂચિત જનજાતિ | 15% | |

| | | | |
|---|---|---|---|
| | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (ઉન્નત વર્ગમાં સ્માવિષ્ઠ ન હોય તેવા) | 27% | ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા માન્યતા પ્રાપ્ત |
| | આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવાર **(Economically Weaker Sectiona)** | 10% | અન્ય કેટેગરીમાં તબદીલ થઇ શકે નહી. |
| | વિકલાંગ | 5% | જે - તે કેટેગરીમાં સમાવિષ્ઠ થશે |
| | સેનામાં કાર્યરત અથવા સેનામાંથી નિવૃત્ત કર્મચારીના સંતાનો | 1% | ----- |
| | કોઈપણ સંજોગોમાં આ ટકાવારીથી વધારે સંખ્યામાં અથવા યુનિવર્સિટી ધ્વારા નક્કી કરાયેલ જરૂરી લાયકાત કરતા ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારથી જે - તે કેટેગરીની બેઠકો ભરી શકાશે નહી. | | |

**5.2 અનામત બેઠકો માટે સામાન્ય શરતો:**

વિવિધ કેટેગરીના ઉમેદવારો માટેની અનામત બેઠકો નીચેની શરતોને આધિન રહેશે.

1. કોઈપણ ઉમેદવારને એક સમયે એક જ અનામત બેઠક કે લાયકાતમાં છૂટછાટ મળશે.
2. કોઈપણ સંજોગોમાં કોઈપણ કેટેગરીની અમુક કે બધી બેઠકો ઓછા ઉમેદવારો અથવા જરૂરી લાયકાત ન ધરાવતા ઉમેદવારો ને કારણે ખાલી રહેશે તો તેને ઓપન કેટેગરીમાં ગણવામાં આવશે અને તે ઓપન કેટેગરીના ઉમેદવારોથી મેરીટના આધારે ભરવામાં આવશે.

**5.3 અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો :**

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત નક્કી થયા મુજબનું રહેશે. જે હાલમાં નીચે મુજબ છે:

1 22% બેઠકો આ બન્ને પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. જે પૈકીની 7% બેઠકો અનુસૂચિત જાતિ અને 15% બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે

2 જે ઉમેદવારો તેમના મેરીટ પ્રમાણે ઓપન કેટેગરીમાં પ્રવેશપાત્ર હોય તેઓનો સમાવેશ અનામત બેઠકો પર કરવાનો રહેશે નહી

**નોંધ :**

- આ બન્ને અનામત બેઠકોના ગ્રુપ પૈકી કોઈ એક ગ્રુપમાં ઓછા અરજદારોને લીધે બેઠકો ખાલી રહે તો એકબીજાની નિર્ધારીત 7% અને 15% અનામત બેઠકોમાં પ્રવેશ આપી શકાશે.
- આ બન્ને પછાતવર્ગની કોઈપણ એક કેટેગરીમાં અનામત બેઠકો કરતા વધારે ઉમેદવારો હોય તો તેમને જે - તે કેટેગરીના મેરીટ લિસ્ટ મુજબ પ્રવેશ આપવાનો રહેશે.
- અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે કેટેગરી માટે ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા માન્યતાપ્રાપ્ત અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે.

**5.4 સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવાર:**

ગુજરાત રાજ્યના સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારો માટે 27% બેઠકો રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરોતોને આધિન છે:

1 આ કેટેગરીની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે પોતાની જાતિનો સમાવેશ સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગમાં થાય છે તે મતલબનું ગુજરાત રાજ્યના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

2 સા.શૈ.પ.વ. ના ઉમેદવારે "ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ થતાં નથી" તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે શૈક્ષણિક વર્ષમાં

| | | | |
|---|---|---|---|
| | | | પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૧લી એપ્રિલ અથવા ૧ એપ્રિલ પછીનું અથવા માન્ય મુદતનું હોવું હોવું જોઇએ, અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં. (ગુજરાત સરકારના સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા. ૨૬-૦૪-૨૦૧૬ની જોગવાઇ મુજબ) |
| | 3 | | સા.શૈ.પ.વ.ના જે ઉમેદવાર મેરીટના ધોરણે ઓપન કેટેગરીમાં પ્રવેશ મળ્યો હશે તેનો સમાવેશ અનામત બેઠક પર કરવાનો રહેશે નહીં. |
| | 4 | | સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે માટેના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તત્કાલિન અસરથી રદ થશે. |
| **5.5** | આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવાર **(Economically Weaker Sectiona)**<br>ઉમેદવારને રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગના ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૩-૦૧-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ મુજબ ૧૦% બેઠકો પર પ્રવેશ મળવાપાત્ર રહેશે. જે અંગે પરિશિષ્ઠ-ગ મુજબનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. આ અંગેની વિસ્તૃત માહિતી **http://sje.gujarat.gov.in/download/gr_23012019.pdf** અને **download/gr_250120169.pdf** ઉપરથી મેળવી શકાશે. વધુમાં ઉક્ત સંદર્ભે સરકારશ્રી તરફથી વખતો વખતની સૂચનાઓનો અમલ કરવામાં આવશે. | | |
| **5.6** | **દિવ્યાંગ ઉમેદવારો:** | | |
| | ગુજરાત રાજ્ના વિકલાંગ ઉમેદવારો માટે **5%** બેઠકો અનામત રાખવામાં આવેલ છે અને જે - તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધિન રહેશે. | | |
| | 1 | | શારીરિક દિવ્યાંગતા બાબતે ઉમેદવારની પ્રમાણપત્રતા ગેરલાયક ઠરાવવામાં આવશે, જો... |
| | | a | કુલ શારીરીક દિવ્યાંગતા (છાતી / સ્પાઇન સહિત) ૫૦% કરતા વધારે હોય |
| | | b | પગની દિવ્યાંગતા ૫૦% કરતાં વધારે હોય |
| | | c | હાથની દિવ્યાંગતા હોય |
| | | d | દ્રષ્ટિની દિવ્યાંગતા અને સાંભળવાની વિકલાંગતા હોય |
| | | e | ક્રમશ: વધતા જતા માયોપેથીઝ જેવા રોગોથી પીડીત ઉમેદવાર હોય |
| | | f | જે તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રયોગીક કાર્યો / ફીલ્ડવર્ક કરવામાં બાંધક દિવ્યાંગતા હોય |
| | ૨ | દિવ્યાંગ ઉમેદવારની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (પરિશિષ્ટ-અમાં દર્શાવ્યા મુજબના નમૂના પ્રમાણેનું) રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો દિવ્યાંગ માટેની અનામતન બેઠક પર પ્રવેશનો અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે. | |
| **5.7** | **સેનાના કર્મચારીના સંતાનો માટે અનામત બેઠક** | | |
| | સેનાના કર્મચારીના સંતાનો માટે 1% બેઠક અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે: | | |
| | 1 | મૂળ ગુજરાત રાજ્યના સેનાના કર્મચારીના સંતાનોનો સમાવેશ અનામત કેટેગરી અંતર્ગત થતો હોય અને તેમણે ધોરણ - 12 ની પરીક્ષા ગુજરાત રાજ્યમાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય તો તેઓનો સમાવેશ કેટેગરીમાં કરવાનો રહેશે. | |
| | 2 | સેનાના કર્મચારીના બાળકો માટેની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ | |

| | | | |
|---|---|---|---|
| | | | ડાયરેક્ટર સૈનિક વેલ્ફેર, ગુજરાત રાજય અથવા જિલ્લા બોર્ડ સૈનિક વેલ્ફેર ઓફિસર કે જે તે કમાન્ડીંગ ઓફિસરનું જરૂરી (ચાલુ કર્મચારી) પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. |
| | 3 | | ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-12ની પરીક્ષા પાસ કરેલ સેનાના કર્મચારી સંતાનોને તેઓની અનામત બેઠક પર પ્રવેશ આપ્યા બાદ જો કોઈ બેઠકો ખાલી રહે તો તેના પર અન્ય બોર્ડમાંથી ધોરણ-12 પાસ કરનાર સેનાના કર્મચારીના સંતાનોને પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં જો આ અનામત બેઠકો ખાલી રહે તો તેના પર બિન-અનામત કેટેગરીના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. |
| | 4 | | ઉમેદવાર સેનામાં કાર્યરત કર્મચારી સેના નિવૃત કર્મચારીના સંતાનો / માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઈએ. |
| | 5 | | સેનાના કર્મચારીના સંતાનો માટેની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે મતલબનું સક્ષમ અધિકરીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે આવુ પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો આવી અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે. |
| **5.8** | **પારસી જાતિ:** | | |
| | **1** | | ગુજરાત રાજ્યના વતની એવા પારસી જાતિના ઉમેદવારો માટે 1 વધારીની બેઠક રાખવામાં આવેલ છે. જે અન્ય કેટેગરીમાં તબદિલ થઈ શકશે નહીં. |
| | **2** | | પારસી જાતિની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકરીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતીનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તત્કાલિન અસરથી રદ થશે. |
| **5.9** | **કાશ્મીરી વિસ્થાપિતો:** | | |
| | કાશ્મીરી વિસ્થાપીતો માટે 2 બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે: | | |
| | **1.** | | પ્રવેશ વખતે વિદ્યાર્થીને નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે |
| | | (i) | પ્રવેશની તારીખમાં 30 દિવસની છૂટછાટ |
| | | (ii) | ઓછામાં ઓછી પ્રવેશ લાયકાતમાં 10% ની છૂટછાટ |
| | | (iii) | વતની હોવાના પ્રમાણપત્રની જરૂરી નથી |
| | | (iv) | બીજા અને ત્યારબાદના વર્ષોમાં કોલેજ-સ્થળાંતરમાં છૂટછાટ |
| | | (v) | પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જરૂરી નથી. |
| | **2** | | આવા ઉમેદવારના નામાંકન માટેની અરજી કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય ધ્વારા મોકલાવાયેલ હોય તો જ પ્રવેશ માટે માન્ય ગણાશે. |
| | **3** | | ઉમેદવાર કાશ્મીરમાંથી જે રાજ્યમાં સ્થળાંતરિત થયેલ હોય તે રાજ્યના ડેપ્યુટી કમિશનરનું તે મતલબનું રજીસ્ટ્રેશન નંબર સાથેનું પ્રમાણપત્ર અને રેશન કાર્ડ રજૂ કરવાનું રહેશે. |
| | **4** | | આ નિયમો જમ્મુ કાશ્મીરની પરિસ્થિત સામાન્ય થાય ત્યાં સુધી જ લાગુ પડશે. |
| | **5** | | ઉમેદવારે રજૂ કરેલ કાશ્મીરી વિસ્થાપિત અંગેનું પ્રમાણપત્ર સંબંધિત સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોવું જરૂરી છે. |
| **5.10** | બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થીઓ **(NRG)** માટેની અનામત બેઠક : ગુજરાત રાજ્યના વતની ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ક્ષમતા ઉપરાંત રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં ફેકલ્ટીવાઇઝ એક-એક બેઠક અનામત રાખવામાં આવેલ છે. જે અન્વયે કેટેગરીમાં તબદીલ થઇ શકે નહી. | | |

| | | |
|---|---|---|
| **6.0** | **મેરીટ લિસ્ટ :** | |
| 6-A | બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ / બી.એસસી. (બાયોટેકનોલોજી) / બી.એસસી. (માઈક્રોબાયોલોજી) / બી.એસસી. (બાયોકેમેસ્ટ્રી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નિયત સમય મર્યાદામાં ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને પ્રવેશ માટેની લાયકાત ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોનું મેરીટ લિસ્ટ નીચે પ્રમાણે બનાવવામાં આવશે. | |
| 6.A.1 | GUJCET કે રાજ્ય સરકાર ધ્વારા માન્ય પરીક્ષા અને ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં (ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાન / ગણિત વિષયની ફક્ત થીયરીમાં મેળવેલ) કુલ ગુણના અનુક્રમે 40% અને 60%. | |
| 6.A.2 | **મધ્યસ્થ પ્રવેશ સમિતિ નીચે મુજબના ગ્રુપ વાઇઝ અલગ અલગ મેરીટ લિસ્ટ જાહેર કરશે, જેવા કે :** | |
| | I | ગુજરાત બોર્ડમાંથી ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ (પ્રથમ મેરીટ લિસ્ટ). તે પૈકીના અનામત કેટેગરીના અરજદારોનું મેરીટ લિસ્ટ કેટેગરી વાઇઝ અલગથી બનાવવામાં આવશે. |
| | II | કેન્દ્રિય અને અન્ય બોર્ડ (કાઉન્સીલ ઓફ ઇન્ડિયન સ્કૂલ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી, નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ, ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ) માંથી ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોનું મેરીટ લિસ્ટ (દ્વિતીય મેરીટ લિસ્ટ) તે પૈકીના અનામત કેટેગરીના અરજદારોનું મેરીટ લિસ્ટ કેટેગરી વાઇઝ અલગથી બનાવવામાં આવશે. |
| 6.A.3 | **બે અથવા વધારે ઉમેદવારના મેરીટ માર્ક એકસરખા થશે તો તેઓનું મેરીટ લિસ્ટ નીચે પ્રમાણેના વિષયોના માર્ક / વયની ક્રમશ: સરખામણી કરી બનાવવામાં આવશે :** | |
| | I | જે ઉમેદવારે ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં જીવવિજ્ઞાન કે ગણિત પૈકી લાગુ પડતા વિષયની (ફક્ત થીયરી)માં વધારે ગુણ મેળવેલ હોય |
| | II | જે ઉમેદવારે ધોરણ-12(વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાન વિષયની (ફક્ત થીયરી)માં વધારે ગુણ મેળવેલ હોય |
| | III | જે ઉમેદવારે ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષામાં રસાયણ વિજ્ઞાન વિષયની (ફક્ત થીયરી)માં વધારે ગુણ મેળવેલ હોય |
| | IV | જે ઉમેદવારે ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | V | જે ઉમેદવારે ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં કુલ વધારે ગુણ મેળવેલ હોય |
| | VI | જે ઉમેદવારની વય વધારે હોય |

## 7.0 ફીનું ધોરણ

**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતા જૂદા જૂદા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ફી/ડીપોઝીટનું ધોરણ**

| ક્રમ | | ફી / ડીપોઝીટની વીગત | (રકમ) (રૂ.) | |
|---|---|---|---|---|
| | | | છોકરા માટે | છોકરીઓ માટે |
| **1.** | | **તમામ નવા વિધાર્થીઓએ પહેલા રજીસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ** | | |
| | | કોશન મની | 1000 | 1000 |
| | | હોસ્ટેલ ડીપોઝીટ | 1000 | 1000 |
| | | મેસ ડીપોઝીટ | 1500 | 1500 |
| | | ઈલેક્ટ્રિક ડીપોઝીટ | 2000 | 2000 |
| | | ઓળખપત્ર ફી | 50 | 50 |
| | | થેલેસેમીયા ટેસ્ટ ફી | 150 | 150 |
| | | કુલ | **5700** | **5700** |
| **2.** | | **દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| | | યુનિવર્સિટી મેડીકલ ટેસ્ટ ફી | 100 | 100 |
| | | મેગેઝીન ફી | 100 | 100 |
| | | સ્ટુડન્ટ એઈડ ફંડ | 50 | 50 |
| | | જનરલ એમીનિટી | 200 | 200 |
| | | કુલ | **450** | **450** |
| **3.** | | **દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| | | રજીસ્ટ્રેશન ફી | 500 | 500 |
| | | શિક્ષણ ફી | 3500 | # |
| | | લાઈબ્રેરી ફી | 500 | 500 |
| | | પરીક્ષા ફી | 500 | 500 |
| | | જીમખાના ફી | 200 | 200 |
| | | સાંસકૃતિક પ્રવૃત્તિઓની ફી | 200 | 200 |
| | | પ્રયોગશાળા ફી | 500 | 500 |
| | | હોસ્ટેલ ફી | 1500 | # |
| | | માર્કશીટ ફી | 150 | 150 |
| | | કુલ | **7550** | **2550** |
| | | **સમગ્ર કુલ (A+B+C)** | **13700** | **8700** |
| **4.** | | **અન્ય પ્રકારની ફી (જરૂરીયાત પ્રમાણે)** | | |
| | a. | પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર | 100 | 100 |
| | b. | પ્રોવીઝનલ પદવી પ્રમાણપત્ર | 100 | 100 |
| | c. | ટ્રાન્સક્રીપ્ટ (ફક્ત છેલ્લા સેમેસ્ટર માટે) | 200 | 200 |
| | d. | સ્થળાંતર પ્રમાણપત્ર | 200 | 200 |
| | e. | ડુપ્લીકેટ સ્થળાંતર પ્રમાણપત્ર | 1000 | 1000 |
| | f. | પદવી પ્રમાણપત્ર | | |
| | | પદવીદાન સમારંભમાં હાજર રહીને | 500 | 500 |
| | | પદવીદાન સમારંભમાં ગેરહાજર રહીને | 1000 | 1000 |
| | g. | ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર | 2000 | 2000 |
| | h. | પુનઃ નોંધણી | 2000 | 2000 |
| | i | ડુપ્લીકેટ ગુણપત્રક | 1000 | 1000 |
| | j. | ડુપ્લીકેટ ટ્રાન્સક્રીપ્ટ | 1000 | 1000 |
| | k. | ગ્રેડ વેરીફીકેશન | 200 | 200 |
| | l. | શૈક્ષણિક પ્રમાણપત્રો/દાખલા પ્રમાણિત (એટેસ્ટેડ) કરવા | 50 | 50 |
| | m. | નવું ઓળખપત્ર | 50 | 50 |

નોંધ :

1. સેમેસ્ટરની ફી નોંધણી સમયે એકી સાથે ભરવાની રહેશે.
2. વિદેશી વિદ્યાર્થીઓ માટેની ફી ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઇ.સી.એ.આર.)ના નિયમો મુજબ રહેશે.
3. યુનિવર્સિટીની અંગભૂત કોલેજોમાં ભારતીય નાગરિકત્વ ધરાવતી વિદ્યાર્થિનીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે.
4. પોતાનો પ્રવેશ રદ્દ કરાવવા ઈચ્છતા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં તેમણે ભરેલ ફી પરત મળશે નહીં

| | |
|---|---|
| **8.0** | **ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ થવો :** |
| | જો કોઈ ઉમેદવારના પ્રમાણપત્ર / દસ્તાવેજ / માહિતી કોલેજ ખાતે તેના વિધ્યાશાખાધ્યક્ષ / આચાર્ય દ્વારા પ્રવેશ સમયે ઓરીજીનલ દસ્તાવેજ ચકાસણી દરમ્યાન ખોટી જણાશે તો,<br>1. આવા ઉમેદવારનું નામ તે વર્ષની પ્રવેશયાદીમાંથી રદ કરવામાં આવશે.<br>2. ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફી જપ્ત કરવામાં આવશે. |
| **9.0** | **અભ્યાસક્રમની સામાન્ય માહિતી :** |
| | 1. શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે.<br>2. જે તે વિષયનો અભ્યાસક્રમ, તેના વિષયો, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી જે તે કોલેજના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરૂર પડયે સુધારા વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની કોલેજોમાં કેટેગરી વાઇઝ ઓછામાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે પુર્ણસમયના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. સેમેસ્ટર પધ્ધત્તીના આવા અભ્યાસક્રમ હેઠળ, છૂટછાટ આપેલ હોય અથવા હોસ્ટેલ ફાળવેલ ન હોય તે સિવાયના, દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે. |

**10.0 પ્રવેશ પ્રક્રિયા**

| | |
|---|---|
| 1 | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની પ્રવેશ અંગેની સઘળી કામગીરી કુલસચિવશ્રી, સરદારકૃષિનગરના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવશે. |
| 2 | પ્રવેશ અંગેની સઘળી બાબતો વેબસાઇટ www.gsauca.in અને www.sdau.edu.in અને www.sdau.gsauca.in ઉપરથી જોઈ શકાશે. |
| 3 | ધોરણ- ૧૨ ના પરિણામ જાહેર થયા બાદ પ્રવેશ માટેની જાહેરાત માટે ઉપરોક્ત વેબસાઇટ ચકાસવાની રહેશે. |
| 4 | પ્રવેશ અંગેની જાહેરાત ગુજરાતનાં દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. |
| 5 | પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવશે. |
| 6 | સ્નાતક કક્ષાના પ્રવેશ માટે વેબસાઇટ www.gsauca.in અને www.sdau.edu.in અને www.sdau.gsauca.in ઉપરથી ચલણની પ્રિન્ટ કાઢી ગુજરાતની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા ની કોઈ પણ શાખામાં રૂ.૨૦૦/- પ્રથમ ભરવાના રહેશે. ત્યારબાદ ૨૪ કલાક બાદ ચલણ નંબર નાખી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. |
| 7 | ઓનલાઈન અરજીપત્રક ભરી ફોર્મ સબમીટ કરવાનું રહેશે. |
| 8 | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના નક્કી કરેલ હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઈન ભરેલ અરજી પત્રક, અસલ પ્રમાણપત્રો/દસ્તાવેજોની ચકાસણી કરાવ્યા બાદ જ ફોર્મ સબમીટ થઈ શકશે. |
| 9 | હેલ્પ સેન્ટર ખાતે ફોર્મની ભૌતિક ચકાસણી કરાવેલ ન હોય તેવા ઉમેદવારના નામ મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે નહીં. |
| 10 | ઓનાલાઇન રજીસ્ટ્રેશન, એડમીશન રાઉન્ડ અને પ્રવેશ પ્રક્રિયાના મુદ્દારઓ નીચે દર્શાવેલ ફ્લો-ચાર્ટમાં બતાવ્યા મુજબ હાથ ધરવામાં આવશે અને જે તે પ્રવેશ પાત્ર ઉમેદવારે પોતાનું એડમીશન પ્રવેશ પક્રિયાના મુદ્દાઓને ધ્યાને રાખી કન્ફર્મ કરવાનું રહેશે. અન્યથા તેમનું એડમીશન આપોઆપ રદ થઇ જશે, અને ઉમેદવાર આ બાબતે કોઇ હક્ક દાવો કરી શકશે નહિં. |

## વિદ્યાર્થીઓ માટે ઓન લાઇન પ્રવેશ કાર્યવાહીના પગથીયા

અગ્રણી વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત

↓

યુનિવર્સિટી દ્વારા નિર્ધારીત કરેલ ફોર્મ ફી ઓન લાઇન અથવા ઓફ લાઇન (ચલણથી) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની કોઇ પણ શાખામાં ભરવી

↓

વેબસાઇટ **www.gsauca.in** **અને** **www.sdau.gsauca.in** **અને** **www.sdau.edu.in** ઉપર ઓનલાઇન ફોર્મ ભરવું

↓

નિર્ધારિત હેલ્પ સેન્ટર ઉપર ફોર્મ વેરીફાઇ કરાવવું તથા દસ્તાવેજોની ચકાસણી અવશ્ય કરાવવી

↓

ગુણવત્તા યાદી (મેરીટ લીસ્ટ) જાહેર કરવામાં આવશે.

**11.** ***સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા (૨૦૧૯-૨૦)ના મુદ્દાઓની વિસ્તૃત માહિતી અને સમજ.***

*સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ બેંકમાં જરૂરી ફોર્મ ફી ભરવા ચલણ મેળવી બેંકમાં ફી ભરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.*

---

1. વિદ્યાર્થીએ ઓનલાઈન રજીસ્ટ્રેશન બાદ વેબસાઈટ **www.gsauca.in અને www.sdau.gsauca.in અને www.sdau.edu.in** નો ઉપયોગ કરી ઓનલાઈન અરજી કરવાની રહેશે.
2. ફોર્મ ભર્યાની પ્રિન્ટ લઈ જે તે નજીકના હેલ્પ સેન્ટર ઉપર જઈ ફોર્મ વેરીફાઈ કરી એપ્લીકેશન કન્ફર્મ કરવાની રહેશે.
3. મેરીટની યાદી નિયમોનુસાર તૈયાર કરવામાં આવશે.
4. મેરીટ યાદી તૈયાર થયા બાદ રૂબરૂ કાઉન્સેલીંગ દ્વારા પ્રવેશ આપવામાં આવશે.

| | |
|---|---|
| **12.0** | ***એન્ટી રેંગીગ :*** |
| | યુનિવર્સિટીમાં એન્ટી રેગીંગ કમિટિ કાર્યરત છે. જો કોઇ વિદ્યાર્થી રેગીંગ કરતો જણાશે તો તેને કાયદાનુસાર યોગ્ય સજા કરવામાં આવશે. રેગીંગ કરનાર વિદ્યાર્થી સામે એફ આઇ આર (FIR) દાખલ કરી શકાશે. |
| **13.0** | ***વિદ્યાર્થીનીઓને હેરાન કરવા બાબત :*** |
| | વિદ્યાર્થિનીઓને હેરાન કરતા તત્વો વિરુધ્ધ ફરિયાદ કરવા માટે દરેક યુનિવર્સિટીમાં એક સેલ સ્થાપવામાં આવેલ છે. જો કોઇ પણ વિદ્યાર્થી કન્યાઓ કે મહિલાઓને હેરાન કરતાં જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે. |
| **14.0** | ***ડિસ્કલેમર :*** |
| આ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ નિવેદન કે માહિતી છાપતી વખતે અમારી જાણ મુજબ બરાબર છે. આ માહિતી પુસ્તિકામાં આપેલ વિદ્યાર્થીઓના શિસ્તના નિયમો, અભ્યાસક્રમના નિયમો, ફી કે અન્ય કોઇપણ નિવેદન / માહિતી / વિનિયમો વગેરે કોઇપણ જાતની જાણ કર્યા સિવાય બદલવાની, ઘટાડવાની, વધારવાની, તેમાં સુધારા-વધારા કરવાની, ફેરફાર કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટીને રહેશે. પ્રવર્તમાન વિનિયમો બદલવાથી કે સુધારા-વધારા કરવાથી કે અન્ય કોઇપણ રીતે વિદ્યાર્થીને અભ્યાસ દરમ્યાન કોઇ મુશ્કેલી પડે, તે માટે વિદ્યાર્થી કે અન્ય વ્યકિતને કોઇ ખર્ચ થાય કે કંઇપણ નુકશાન કે ખોટ જાય તો તેની કોઇપણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. | |
| **15.0** | ***કોલેજ ખાતે હાજર થવા માટે નીચે દર્શાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની ખરી નકલો રજૂ કરવી*** |
| | • એચ સી.એસ.પરીક્ષાની માર્કશીટ |
| | • ધોરણ-12 પરીક્ષાની માર્કશીટ અને ( જો થીયરી અને પ્રેકટીકલના અલગ-અલગ ગુણ માર્કશીટમાં ન દર્શાવેલ હોય તો તે બન્ને દર્શાવતું પ્રમાણપત્ર) |
| | • GUJCET પરીક્ષાની માર્કશીટ (લાગુ પડતી હોય તો) |
| | • શાળા છોડયાનું પ્રમાણપત્ર. |
| | • જાતિનું પ્રમાણપત્ર (જો ઉમેદવાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના હોય તો). સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારે ચાલુ નાંણાકિય વર્ષનું ( એટલે કે તા: ૦૧-૦૪-૨૦૧૯ કે ત્યારપછીનું) નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જેમાં ચૂક થશે તો તેવા ઉમેદવારને SEBC અનામત બેઠકો પર પ્રવેશ મળી શકશે નહીં. (ગુજરાત સરકારના સામાજીક ન્યાય અધિકારતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા. ૨૬-૦૪-૨૦૧૬ની જોગવાઇ મુજબ) |
| | • જમીનની માલિકી દર્શાવતો ચાલુ વર્ષ (એટલે કે તા: ૦૧ - ૦૪ – ૨૦૧૯ કે ત્યાર પછીનો) ૭ / ૧૨ અને ૮-અ નો દાખલો, જો લાગું પડતો હોય તો. |
| | • જો ૭ / ૧૨ ના દાખલા ઉપરથી ઉમેદવાર અને જમીન માલિક વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત ન થઇ શકતો હોય તો, આવો સંબંધ પ્રસ્થાપિત કરી શકતું તલાટી ધ્વારા અપાયેલ પેઢીનામું તેમજ ધોરણ-૧૨ની માર્કશીટમાં દર્શાવેલ અટક, નામ અને ૭/૧૨, ૮-અ માં દર્શાવેલ અટક અને નામમાં ફેરફાર હોય તો તે અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું સોગંદનામું રજુ કરવાનું રહેશે. |
| | • ગુજરાત રાજ્યના વતની હોવાનું પ્રમાણપત્ર જો લાગુ પડતું હોય તો |

| | |
|---|---|
| | • દિવ્યાંગ અંગેનું સરકારી હોસ્પીટલના સક્ષમ અધિકારી (સિવિલ સર્જન અથવા સુપ્રિટેન્ડન્ટ)નું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો |
| | • પારસી જાતિના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો |
| | • આંતરરાષ્ટ્રીય / રાષ્ટ્રીય / રાજ્ય કક્ષાએ રમત-ગમતમાં ભાગ લીધેલ હોય અને / અથવા જીતેલ ક્રમાંકનું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો. |
| | • નિવૃત્ત સેના કર્મચારીનું પ્રમાણપત્ર, કે જે ડાયરેકટર, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત અથવા ડીસ્ટ્રીકટ સૈનિક વેલ્ફેર ઓફિસર ધ્વારા અપાયેલ હોય |
| | • સેનામાં કાર્યરત કર્મચારી હોવા અંગેનું જે-તે કમાંડીગ ઓફીસરનું પ્રમાણપત્ર |
| | • ફીઝકલ ફીટનેસ અંગેનું રજીસ્ટડ મેડીકલ પ્રેકટીશનરનું પ્રમાણપત્ર જરૂર જણાશે તો ઉમેદવારનું શારીરિક પરીક્ષણ યુનિવર્સિટી મેડિકલ ઓફીસર ધ્વારા કરવામાં આવશે. |
| | • પ્રવેશ સમિતિ ધ્વારા જરૂરી જણાય તેવા અન્ય પ્રમાણપત્રો |
| | • ત્રણ પાસપોર્ટ સાઇઝ ના ફોટા |
| 15.1 | જે-તે કોલેજ ખાતે ઓરીએન્ટેશન કાર્યક્રમ |
| 15.2 | જે-તે કોલેજ ખાતે અભ્યાસક્રમનું રજીસ્ટ્રેશન |
| 15.3 | પસંદગી પામેલ ઉમેદવારે એડમીશન મેમોમાં દર્શાવેલ તારીખ સુધીમાં જે-તે કોલેજ ખાતે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. |
| 15.4 | જો ઉમેદવાર નક્કી કરેલ સમયમર્યાદામાં જે તે કોલેજ ખાતે રજીસ્ટ્રેશન નહીં કરાવે તો, તેમનો પ્રવેશ આપો-આપ રદ થશે. જો ઉમેદવાર અસાધારણ સંજોગો (આધાર પૂરાવા રજૂ કરવાનાં રહેશે)ના કારણે સમયમર્યાદામાં પ્રમાણપત્રો ચકાસણી માટે ન આવી શકે તેમ હોય તો, તે અન્ય કોઇ વ્યકિત મારફતે અરજી (આધાર-પૂરાવા સહિત) આપી પ્રમાણપત્રો ચકાસણી કરાવડાવી અને ફી ભરી હંગામી રજીસ્ટ્રેશન કરાવી શકશે. હંગામી રજીસ્ટ્રેશન કરાવનાર ઉમેદવારે કોર્સ શરૂ થયાના એક અઠવાડીયામાં બાકીની વિધી પુરી કરવાની રહેશે. અન્યથા તેઓનો પ્રવેશ આપો-આપ રદ થશે. |
| 15.5 | પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારને યુનિવર્સિટી દ્વારા રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવશે. જે તેના દરેક એકેડેમિક રેકર્ડ માટે ઉપયોગમાં લેવાનો રહેશે. |

નોંધ: * જો નોંધણી સમયે, ઉમેદવારે કોઈ ખોટી મહિતી આપેલ છે, તેવું માલુમ પડશે તો પ્રવેશ માટેની તેની ઉમેદવારી રદ થશે અને તેણે ભરેલી ફી નિયમોનુસાર જપ્ત થશે.

* કોલેજ ખાતે અંતિમ ચકાસણી સમયે જે ઉમેદવારોના પ્રમાણપત્રો સાચા જણાશે, તેમનો પ્રવેશ જે તે યુનિવર્સિટીમાં માન્ય ગણાશે.

છેલ્લામાં છેલ્લી માહિતી માટે નીચે દર્શાવેલ વેબસાઇટની મુલાકાત લેવી.

**www.gsauca.in** અને **www.sdau.gsauca.in** અને **www.sdau.edu.in**

## પ્રવેશ ફોર્મનો નમૂનો

## Sardarkrushinagar Dantiwada Agricultural University

## Admission - 2019

*1. Applicant's Name (As per Bank Challan) :*

---

*2. Applicant's Full Name (As per Mark-sheet of Std.: XII) :*

---

*(Name should not be differed as appear in Bank Challan except spelling mistake)*

*3.*

---

*Examination Board of Standard-XII :*

*Group :*

*4. Std. XII (HSSCE) Info*

---

*Std. XII (HSSCE) Seat No.:* ____________________

*Do you have English subject in Std. XII (HSSCE)?* _______________________

*Have you appeared in current year GUJCET (2019)?* _____________________

ચાલુ વર્ષની GUJCET આપેલ હોવી જરૂરી છે.

5. Details of Examination :

| Examination | Year of Passing | Board | Obtained Marks out of Total Marks | |
|---|---|---|---|---|
| | | | Obtained Marks | Out of Marks |
| | | | | |

6. Details of marks of Science subject and English obtained in Std.XII (HSSCE): Enter marks without grace (ગ્રેસ વગરના માર્કસ જ દર્શાવવા)

| Marks of XII. (HSSCE) | | | | |
|---|---|---|---|---|
| **Subject** | **Theory (Marks Obt.)** | | **Practical (Marks Obt.)** | |
| | **Marks** | **Out of** | **Marks** | **Out of** |
| **1. Chemistry** | | **100** | | **50** |
| **2. Physics** | | **100** | | **50** |
| **3. Biology / Maths** | | **100** | | **50** |
| **Total** | | **300** | | **150** |
| **English** | | **100** | | |

7. 0 Applicant's Contact Details :

7.1 Correspondence Address:

Address :

Village/City :

Taluka :

District :

State :

Pincode :

7.2 Contact Info :

Phone with STD Code :

Mobile :

Email :

(Email & Mobile No will be used to send admission related details subject to Service Provider and TRAI Terms & Condition)

8.0 Applicant's Personal Details :

Upload Photo :

BROWSE.... (Allowed formats jpeg, jpg, png) (Image size should be less than 2 MB)

| Gender | Are you physically Challenged? | Nationality |
| --- | --- | --- |
| Select | Select | Select |

Category (General/ SC/ST/ SEBC)

Select Category

| Are you Domicile of Gujarat? ગુજરાતના રહેવાસી છો? | Are you belong to Parsi Community? | Are you Ex-Service man/ Defence Personnel? |
| --- | --- | --- |
| Select | Select | Select |

Date of Birth :

9.

(a) Have you Participated at the International level Games / Competitions organized by authorized organization of Sports Authority of India ?

Select

(b) Have you participated at the National level/Games Competitions organized by authorized organization of Sports Authority of State ?

Select

(c) Have you participated at the National level/Games Competitions organized by authorized organization of Sports Authority of District ?

Select

(d) Hostel accommodation required?

Select

(e) Are you Domicile of Gujarat?

Select

(f) Do you belong to farmer community?

Select

(g) Have you passed standard XII examination with Agrciulture / Home Science Subjects?

Select

જો એગ્રીકલ્ચર / ગૃહ વિજ્ઞાન વિષય માર્કશીટમાં દર્શાવેલ હોય, તો જ 'YES' ઓપ્શન સિલેક્ટ કરવો તથા તે વિષયના માર્કશની માર્કશીટ હેલ્પ સેન્ટર પર અચુક રજુ કરવાની રહેશે.

*10.* ______________________________________________

*ઓનલાઇન ફોર્મ ભર્યા બાદ જે તે હેલ્પ સેન્ટર પર અસર પ્રમાણપત્રો સાથે ફોર્મની ખરાઇ / ચકાસણી કરાવવી ફરજીયાત છે. I have gone through the entire information Booklet for Degree Programmes along with all the terms and conditions mentioned in it. I have clearly understood the provision of forfeiting of fees and conditions of cancellation for the candidature of admission as mentioned in Information Booklet.*

*I hereby affirm that the information given/submitted by me through this online application is complete and true to the best of my knowledge and that I have made this application with the consent and approved of my parents/guardian. In the event of my being admitted to the consitituent college of Universities. I undertake to abide by the disciplinary rules and regulations of the concerned University. I also undertake to abide by the regulations regarding course curriculum and academic standardss as may be prescribed by the University from time to time.*

*I Accept*

*જ્યારે તમે ફોર્મ સબમીટ કરશો ત્યાર બાદ ફોર્મમાં સુધારા (modify) કરવા માટે એપ્લિકેશન આઇડી અને સીક્રેટ કી તમારા નંબર પર અને ઇ-મેલ આઇડી પર આવશે.*

*Whenever you submit the form, the Application ID and Secret Key will be sent to your Mobile Number & E-Mail ID for further Modification in your Form, if any.*

*SUBMIT Cancle*

*Medical Certificate for Physically Handicapped Candidate*

*FORM OF CERTIFICATE FOR PHYSICALLY DISABLED CANDIDATE FOR ADMISSION TO FIRST YEAR COURSES IN AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT STATE AFTER 12th (H.S.C) SCIENCE STREAM*

1. *Full Name of Candidate*
2. *O.P.D Case No.*
3. *(a) Nature of disability*
   *(to be mentioned in the square on the right side)*
   *POLIO; CEREBAL PALSY,*
   *AMPUTATONS, PARAPLEGIA,*
   *CONGENITAL & AQUIRED DEFORMITY*
   *VISUAL IMPAIRED,*
   *OTHERS*
   *(b) Any disability in upeer limbs ? Yes / No*
   *(c) Extent of disability:*
   *(to be mentioned in the box on the right side)*
   *BELOW 40% / 40% to 50% / 50% to 70% / ABOVE 70%*

*Note: A Candidate shall not be admitted to Graduate level courses of Agriculture Universities of Gujarat if he / she suffers from the following disabilities, namely:*

*(a) Disability of total body including disability of chestorspinemore than 50%*

*(b) Disability of lower limb of more than 50%*

*(c) Disability of upper limb*

*(d) Visually handicapped candidates and those with hearing disability*

*(e) Candidates with progressive diseases like myopathies etc.*

*(f) Disabilities which otherwise would interfere in the in the performance of the duties in concerned course.*

*4. Despite the disability whether the candidate is fit to undergo Graduate level courses of Agricultural Universities of Guajarat (Please state Yes or No in the square on the right side.)* *Yes / No*

*I certify that Shri/Kum ___________________________ has been examined by me Dr. ____________________ Designation : ________________on Dt. / /201 , and has been found physically handicapped and in my opinion, he/she is in a position to undertake Graduate level courses of Agriculture Universities of Gujarat.*

*Outward No.:*
*Date:*

*Stamp*

*Signature of Competent Authority of*
*Govt. Hospital (District or State level)*

*Countersigned by Medical Superintendent /*
*Civil Surgeon of Govt. Hospital (District or State level)*

ગુજરાત રાજ્યની સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર કોલેજોમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી

આ માહિતી પુસ્તિકામાં ગુજરાત રાજ્યની સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી માં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી આપેલ છે. અભ્યાસક્રમોમાં પ્રવેશ, કોર્સ તેમજ વિનિયમોને લગતી તમામ સત્તા જે તે યુનિવર્સિટીને અબાધિત રહેશે અને વિદ્યાર્થી અને યુનિવર્સિટીઓના હિતમાં જરૂર પડયે તેને બદલવાની સત્તા પણ યુનિવર્સિટીની રહેશે. પુસ્તિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે. જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકશે નહીં.

<u>સંપર્ક સૂત્રો:</u>

| ક્રમ | યુનિવર્સિટી | હોદ્દો | ફોન |
|---|---|---|---|
| 1 | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર – 385506 | મદદનીશ કુલસચિવ (એકેડેમીક) | 02748-278229 |
| 2 | આચાર્યશ્રી, બેઝીક સાયન્સ એન્ડ હ્યુમાનીટીઝ મહાવિદ્યાલય | | 02748-278097 |
| 3 | આચાર્યશ્રી, આસ્પી ગૃહ વિજ્ઞાન અને પોષણ મહાવિદ્યાલય | | 02748-278266 |
| | | | |

<u>ઓન લાઇન ફી ભરવાની વિગત</u>

1. બ્રાઉઝરમાં **www.sdau.gsauca.in** ટાઈપ કરો.
2. Payment of Fee બટન ઉપર ક્લિક કરો.
3. ત્યાર પછી ખુલતા પેજમાં નીચેની વિગત ખુબજ ચોકસાઈ પૂર્વક ભરવાની રહેશે

a. Applicant's Full Name (As per Mark-sheet of Std.:XII)*

b. Mobile No*

c. Email *

d. Amount* (આ બોક્ષમાં કશું કરવાનું રહેતું નથી)

e. Payment Mode * (ઓનલાઈન / ઓફ લાઈન માંથી કોઈ એક પસંદ કરવું)

4. ઉપર મુજબની માહિતી ભરી CONFIRM બટન કરો.
5. જો ઓફલાઈન પેમેન્ટ કરવાનું થાય તો પહેલા ચલનની પ્રિન્ટ કાઢી લેવી અને નજીકની SBI બેન્કની શાખામાં ફી ની રકમ ભરવાની રહેશે. આવા વિધાર્થીઓ ફી ભર્યાના ૨૪ કલાક પછી પોતાનું ફોર્મ ભરી શકશે.
6. જો ઓનલાઈન પેમેન્ટ કરવાનું થાય તો વિધાર્થી નેટ બેન્કિંગ/ડેબીટ કાર્ડ/ ક્રેડીટ કાર્ડ દ્વારા પણ ફી ભરી શકશે. ફી ની રકમ જમા થયા પછી તરતજ ફી ની રીસીપ્ટ નીકળશે અને તેની પ્રિન્ટ લેવાની રહેશે. આવા વિધાર્થીઓ ફી ભર્યા પછી તરતજ પોતાનું ફોર્મ ઓન લાઈન ભરી શકશે.
7. ફી ની રીસીપ્ટ અરજીપત્રક સાથે જોડવી ફરજીયાત છે.